GJJM020167082025

| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ | ૩૦ | ૧૦ | ૨૦૨૫ |
| દાખલ કર્યા તારીખ | ૩૦ | ૧૦ | ૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૪ | ૦૫ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૬ | ૦૪ |

..............................................................................

**જામનગરના ત્રીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

..............................................................................

| | | |
|---|---|---|
| ક્રિમીનલ કેસ નં. | :– | ૧૧૫૫૮/૨૦૨૫ |
| ગુના રજી. નં. | :– | ૧૧૨૦૨૦૫૭૨૫૦૪૪૩, તા.૨૮/૦૭/૨૦૨૫. |
| પો.સ્ટે. નું નામ | :– | સિકકા પોલીસ સ્ટેશન |
| આંક | :– | ૩૬ |

**ફરીયાદી** :– સરકારશ્રી

**ફરીયાદી તરફે** :– વિ.એ.પી.પી.કુ.શ્રી. કે.કે.પટેલ.

**વિરૂધ્ધ**

**આરોપી** :– કાંતિલાલ સ/ઓ ડાયાલાલ ધનજીભાઇ નકુમ,
રહે. શકિતનગર, નવી પોલીસ લાઇનની બાજુમાં, જામ ખંભાળીયા,જી.જામનગર

**આરોપી તરફે** :– વિ.વકીલશ્રી.આર.એ.પરમાર.

**ગુનો** :– **<u>ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(એ), ૩૩૧(૩) મુજબ.</u>**

| | | |
|---|---|---|
| ગુન્હાની તારીખ | :– | ૨૭/૦૭/૨૦૨૫ |
| એફ.આઇ.આર. તારીખ | :– | ૨૮/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટ તારીખ | :– | ૩૦/૧૦/૨૦૨૫ |
| તહોમતનામા/પ્લી લીધાની તારીખ | :– | ૧૮/૧૧/૨૦૨૫ |

| | | |
|---|---|---|
| પુરાવા શરૂ કર્યા તારીખ | :– | ૦૨/૧૨/૨૦૨૫ |
| ચુકાદા પર લેવાની તારીખ | :– | ૧૭/૦૪/૨૦૨૬ |
| ચુકાદની તારીખ | :– | ૦૪/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | :– | – |

**:: <u>આરોપીની વિગતો</u> ::**

| નં. | આરોપીનુ નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | કાંતિલાલ સ/ઓ ડાયાલાલ ધનજીભાઇ નકુમ | ૦૫/૦૮/૨૫ | ૦૫/૦૮/૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(એ), ૩૩૧(૩) | નિર્દોષ છોડયા | – | – |

**<u>સાક્ષીઓનો પુરાવો</u> :–**

**(અ) <u>ફરીયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો</u> :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ફ.સા.નં.૧ | અંકીતાબેન સુરેશભાઇ રાઠોડની જુબાની. | ફરીયાદી | ૦૬ |
| ફ.સા.નં.૨ | રવી કેશુભાઇ રામનાણીની જુબાની. | પંચ સાક્ષી | ૦૮ |
| ફ.સા.નં.૩ | દીપક મનોજભાઇ ધનવાણીની જુબાની. | પંચ સાક્ષી | ૧૦ |
| ફ.સા.નં.૪ | મહેન્દ્રભાઇ મોતીચંદભાઇ શાહની જુબાની. | પંચ સાક્ષી | ૧૧ |
| ફ.સા.નં.૫ | ઇકબાલ અબ્બાસ પતાણીની જુબાની. | પંચ સાક્ષી | ૧૩ |
| ફ.સા.નં.૬ | મીનાબા સુરેન્દ્રસિંહ જાડેજાની જુબાની. | સાહેદ | ૧૪ |
| ફ.સા.નં.૭ | રંજનબા મહેન્દ્રસિંહ જાડેજાની જુબાની. | સાહેદ | ૧૫ |
| ફ.સા.નં.૮ | ઉજીબેન સાજણભાઇ ટારીયાની જુબાની. | સાહેદ | ૧૬ |
| ફ.સા.નં.૯ | હંસાબેન જીતેશભાઇ જીકાણીની જુબાની. | સાહેદ | ૧૭ |
| ફ.સા.નં.૧૦ | મયુદીનભાઇ અલીભાઇ સૈયદની જુબાની. | સાહેદ | ૧૮ |

| | | | |
|---|---|---|---|
| ફ.સા.નં.૧૧ | અરજણભાઇ ધાનાભાાઇ કોડીયાતરની જુબાની. | સાહેદ | ૧૯ |
| ફ.સા.નં.૧૨ | ધમેન્દ્રસિંહ નટુભા જાડેજાની જુબાની. | સાહેદ | ૨૦ |
| ફ.સા.નં.૧૩ | નટવરભાઇ લાલજીભાઇ કાગડીયાની જુબાની. | ત.ક.અમલદાર | ૨૫ |
| ફ.સા.નં.૧૪ | ભરતભાઇ નાનજીભાઇ ડાંગરની જુબાની. | સાહેદ | ૨૭ |
| ફ.સા.નં.૧૫ | ચંદ્રેશકુમાર મોહનલાલ કાંટેલીયાની જુબાની. | સાહેદ | ૩૦ |
| ફ.સા.નં.૧૬ | ક્રિપાલસિંહ ચંન્દ્રસિંહ જાડેજાની જુબાની. | સાહેદ | ૩૪ |

(બી) **આરોપી પક્ષ તરફે મૌખિક પુરાવો** :–

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

(સી) **કોર્ટના સાક્ષીઓ, જો હોય તો** :–

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**દસ્તાવેજી પુરાવો** :–

(અ) **ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો** :–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદ. |
| ૨ | ૦૯ | અટક પંચનામું. |
| ૩ | ૧૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામું. |

(બી) **આરોપી પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો** :–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

(સી) **કોર્ટ તરફે આંક આપેલ દસ્તાવેજી પુરાવો** :–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

(ડી) <u>સામગ્રીની વસ્તુઓ</u> :–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**– : <u>ચુ કા દો</u> :–**

<u>**કેસની ટૂંકી હકીકત**</u> :–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૭–૦૭–૨૦૨૫ ના કલાક–૧૨/૦૦ થી ૧૬/૦૦ આસપાસ, આ કામના આરોપીએ રાવલસર ગામ તથા સરમત ગામમાં આવેલ ફરિયાદની આંગણવાડી કેન્દ્ર નં.૧૧૦ તથા સાહેદ મીનાબાની આંગણવાડી કેન્દ્ર નં.૧૫૫ ના દરવાજા પરનુ તાળુ કોઇ પથ્થર જેવા પદાર્થ વડે તોડી કેન્દ્રમાં અંદર પ્રવેશ કરી આંગણવાડીના બંને કેન્દ્રમાંથી ઈન્ડીયન કંપનીના ગેસના બાટલા નંગ ૧–૧ કુલ બાટલા નંગ–૦૨ કિં.રૂા.૫૦૦૦ વાળાની ચોરી કરી લઇ જઇ, ગુનો આચરેલ છે. ઉપરોક્ત મુજબના બનાવની વિગતો વાળી ફરિયાદ ફરિયાદીએ સિક્કા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા સદર ફરિયાદ ગુ.ર.નં. ૧૧૨૦૨૦૫૭૨૫૦૪૪૩, તા.૨૮/૦૭/૨૦૨૫ થી નોંધી લેવામાં આવેલ. સદર ફરિયાદ તપાસ કરનાર અમલદારને તપાસ કરવા માટે ડેપ્યુટ થતા, તપાસ કરનાર અમલદાર દ્વારા ફરીયાદ અન્વયે તપાસ કરેલ, જેમાં આ કામના આરોપી સામે તપાસ કરતા, પૂરતો પુરાવા મળી આવતા, તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–કલમ–૩૦૫(એ), ૩૩૧(૩) મુજબના ગુનાઓ અંગેનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

<u>**ન્યાયિક કાર્યવાહી**</u> :–

(૨) આ કામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩) મુજબના ગુનાનુ સંજ્ઞાન લેવામાં આવેલ તથા આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય આરોપીને હાજર રખાવવા યાદી કરવામાં આવેલ. આરોપીને કોર્ટ સમક્ષ હાજર રખાવવતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ આ કામના આરોપી વિરૂધ્ધ આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી

અને આંક–૦૪ સુધી આરોપીનો જવાબ લેવામાં આવતા તહોમતદાર દ્વારા તેઓ વિરૂધ્ધના તહોમતનો ઇન્કાર કરવામાં આવતા ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા માટે જરૂરી પુરાવા રજુ કરવા માટે હાલનો કેસ રાખવામાં આવેલ છે.

(૩) ઉપરોકત મુજબનાં પુરાવા રજુ કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખીક વિનંતીથી પુરાવો પૂર્ણ થયાનુ જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયેલ છે. ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓ વંચાણે લઇ આ કામના આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. સદર વિશેષ નિવેદનમાં આરોપીએ તેઓને પુછવામાં આવેલ સવાલના જવાબમાં ''તે વાત ખરી નથી'' તેવા સ્વરૂપમાં જવાબો આપી આરોપીએ જાતે સોંગદ ઉપર જુબાની આપેલ નથી અને બચાવના સાહેદ તપાસેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનુ જણાવી તેઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ તેમજ ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે.

**<u>ફરીયાદપક્ષ તથા આરોપી પક્ષની દલીલો</u> :–**

(૪) ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખીક દલીલો કરી જણાવેલ છે કે, પોલીસ સાહેદોએ તેઓની જુબાનીમાં આરોપી પાસેથી ચોરી થયેલ ગેસની બોટલ રીકવર થયેલ હોવાની વિગતને સમર્થન મળેલ છે તથા ફરીયાદી અને સાહેદ મીનાબાની જુબાનીથી તેઓની આંગણવાડીમાં ગેસની બોટલ ચોરી થયેલાની વિગતને સમર્થન મળેલ છે. જેથી આરોપી સામે ગુનો પુરવાર થયેલ હોય આરોપી દોષિત ઠરાવી મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૪.૧) આરોપીપક્ષ તર્ફે તેમના વિ.વ.શ્રીએ મૌખીક દલીલો કરી જણાવેલ છે કે, રીકવરી પંચનામાંના પંચ સાહેદોએ પંચનામાંની વિગતને સમર્થન આપેલ નથી. અનડીકેટ ગુનામાં આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. આરોપી પાસેથી મુદામાલ રીકવર થયેલ હોવાનુ પુરવાર થયેલ નથી. આરોપી સામે શંકારહિત કેસ પુરવાર થયેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ આંગણવાડી કેન્દ્ર નં.૧૧૦ તથા સાહેદ મીનાબાની આંગણવાડી કેન્દ્ર નં.૧૫૫ ના દરવાજા પરનુ તાળુ કોઇ પથ્થર જેવા પદાર્થ વડે તોડી કેન્દ્રમાં અંદર પ્રવેશ કરી આંગણવાડીના બંને કેન્દ્રમાંથી ઈન્ડીયન કંપનીના ગેસના બાટલા નંગ ૧-૧ કુલ બાટલા નંગ-૦૨ કિં.રૂા.૫૦૦૦ વાળાની ચોરી કરી લઇ જઇ, ભારતીય ન્યાય સંહીતાની કલમ-૩૦૫(એ), ૩૩૧(૩) મુજબનો શીક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરત જ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: <u>નિર્ણય માટેના કારણો</u> :-**

**<u>મુદ્દા નંબર ૧ થી ૨ ની સંયુકત ચર્ચા</u> :-**

(૭) મુદ્દા નં. ૧, ૨ પરસ્પર સંકળાયેલ હોય પુરાવા તથા કાયદાની જોગવાઈઓનું ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી મુદ્દા નં. ૧, ૨ ની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

(૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧ તરીકે આંક-૦૬ થી ફરીયાદી અંકીતાબેન સુરેશભાઇ રાઠોડને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદવાળો બનાવ તારીખ ૨૬/૦૭/૨૫ ના રોજ રાત્રીના બનેલો તે દીવસે બપોરે કેન્દ્રનો સમય

પુરો થતા આગણવાડીને તાળુ મારી ઘરે ગયેલા. તેમની આગણવાડીમાં બાળકો માટે આપવામા આવતુ રાશન ગેસના બાટલાઓ, ગેસનો ચુલો તથા તેલના ડબ્બાઓ સહીતનો સામાન રાખવામા આવે છે. બીજે દીવસે રવીવાર હોય રજા હોય આંગણવાડી કેન્દ્ર બંધ હોય પણ તેમનુ રહેણાક કેન્દ્રની બાજુમા જ આવેલ હોય અવાર નવાર તેઓ ત્યાથી નીકળતી વખતે આગણવાડીમાં નજર કરતા હોઈએ છીએ. બીજે દીવસે બપોરે બારેક વાગ્યે તેઓ બહાર નીકળેલ ત્યારે આગણવાડી કેન્દ્ર તરફ જોતા બધુ બરાબર લાગતુ હતુ. ત્યારબાદ સાંજના ચારેક વાગ્યે તેઓ બહાર નીકળેલ ત્યારે તેઓએ આગણવાડી તરફ જોયુ તો આગણવાડીનુ તાળુ ખુલ્લુ જોવામાં આવેલ અને તાળુ નકુચામા ભરાવેલ હતુ તે તુટેલી હાલતમા જોવામાં આવેલ જેથી તેમને ચોરી શંકા જતા તેઓએ ઉજીબેનને બોલાવેલ. તેઓ બન્નેએ અંદર જઈને જોતા રસોઈ બનાવવા માટે ઈન્ડીયન કંપનીનો ગેસનો બાટલો જોવામાં આવેલ ન હતો. આંક–૦૭ થી ફરીયાદ રજુ કરેલ છે. સદર ફરીયાદીએ આરોપીના વિ.વ.શ્રી. દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ પ્રશ્નનોના હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમા શંકાસ્પદ ઈસમનુ નામ લખાવેલ નથી. ગેસના બાટલાઓનુ આવક અંગેનુ આગણવાડીમાં રજીસ્ટર રાખીએ છીએ. તેમને આ રજીસ્ટર તપાસ કરનાર અમલદારને આપેલ નથી. આમ, સદર ફરીયાદીની જુબાની લક્ષે લેતા તેમની આંગણવાડી કેન્દ્રમાંથી ગેસની બોટલ ચોરી થયેલાનુ જણાય છે પરંતુ સદર ફરીયાદીની જુબાનીથી સદર ગેસની બોટલ ચોરી કરનાર ઇસમ પરત્વે કોઇ કડી પ્રસ્થાપિત થયેલ નથી.

(૮.૧) ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૨ તરીકે આંક–૦૮ થી પંચ સાહેદ રવી કેશુભાઈ તથા સાહેદ નં.૩ તરીકે આંક–૧૦ થી પંચ સાહેદ દીપક મનોજભાઈને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચ સાહેદોએ તેઓની પુરાવાની સરતપાસમાં આંક–૦૯ થી રજુ થયેલ રીકવરી પંચનામામાં તેઓની સહી જોય ઓળખી બતાવી તેમની હાજરીમાં કોઈ ઈસમને અટક કરેલ હોય અને આંગણવાડીમાં બાટલાની ચોરી કરેલાની કબુલાત હોય તેવુ બનેલ ન હોવાનુ જણાવેલ છે. સદર બંને પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ સદર બંને પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા

પુછવામાં આવેલ સુચક પ્રશ્નોથી પણ કોઈ ફળદાયી હકીકત રેકેર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી કે જે ફરીયાદપક્ષને મદદરૂપ થાય. આમ, સદર બંને પંચ સાહેદોએ તેઓની જુબાનીથી આંક–૦૯ થી રજુ થયેલ પંચનામાંની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૮.૨) ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૪ તરીકે આંક–૧૧ થી પંચ સાહેદ મહેન્દ્રભાઈ મોતીચંદભાઈ તથા સાહેદ નં.૫ તરીકે આંક–૧૩ થી પંચ સાહેદ ઈકબાલ અબ્બાસભાઈને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચ સાહેદોએ તેઓની પુરાવાની સરતપાસમાં આંક–૧૨ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામામાં તેઓની સહી જોય ઓળખી બતાવી તેમની હાજરીમાં કોઈ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ ન હોવાનુ જણાવેલ છે. સદર બંને પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ સદર બંને પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા પુછવામાં આવેલ સુચક પ્રશ્નોથી પણ કોઈ ફળદાયી હકીકત રેકેર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી કે જે ફરીયાદપક્ષને મદદરૂપ થાય. આમ, સદર બંને પંચ સાહેદોએ તેઓની જુબાનીથી આંક–૧૨ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાંની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૮.૩) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૬ તરીકે આંક–૧૪ થી સાહેદ મીનાબા સુરેન્દ્રસિંહ જાડેજાને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેમની આંગણવાડીમાં આશરે પાંચેક મહિના પહેલા ગેસના બાટલાની ચોરી થયેલી. રવિવારે રાત્રે તેમને તેઓના ગામના સરપંચનો ફોન આવેલો કે આંગણવાડીમાં ચોરી થયેલ છે જેથી તેમને રંજનબાને આંગણવાડીમાં તપાસ કરવા માટે જવા જાણ કરેલી. તેઓએ આંગણવાડીમાં જઈને જોયુ તો આંગણવાડીમાં બહારના તેમજ અંદરના તાળુ તુટેલું હતુ અને બાટલો જોવા મળેલ ન હતો. આ બાટલાની ચોરી કોણે કરેલી તે મને જાણવા મળેલ નહી. જેથી સોમવારે સવારે તેઓએ તેમના ઉપરી અધિકારીને ચોરીના બનાવ અંગે જાણ કરેલી, તેઓએ ચોરીની ફરીયાદ કરવાનું કહેતા સીકકા પો.સ્ટે.માં તેઓ ગયેલ હતા. સદર સાહેદે આરોપીના વિ.વ.શ્રી. દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ પ્રશ્નનોના હકારમાં જવાબ આપી

સ્વીકાર કરેલ છે કે, તેઓના પોલીસના નિવેદનમાં કોણે ચોરી કરી તેનું નામ, કે ઓળખ લખાવેલ નથી. એ પ્રશ્નનોના હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, બનાવ તેમને નજરે જોયેલ નથી. એ પ્રશ્નનોના હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, કહેવાતી ચોરી સમયે તેઓ બહાર હતી. આમ, સદર ફ.સા.નં.૬નાઓની જુબાનીથી તેમની આંગણવાડીમાં ગેસની બોટલની ચોરી થયેલ હોવાનુ જણાય છે પરંતુ સદર ચોરીનુ કૃત્ય આ કામના આરોપીએ કરેલ હોવાની કડી પ્રસ્થાપિત થયેલ નથી.

(૮.૪) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૭ તરીકે આંક-૧૫ થી સાહેદ રંજનબા મહેન્દસિંહને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેમની આંગણવાડીમાં આશરે છ મહીના પહેલા ગેસના બાટલાની ચોરી થયેલી. તેમને મીનાબાનો ફોન આવેલો. જેથી તેઓ આંગણવાડીએ ગયેલા. તેઓએ ત્યાં જઇને જોયુ તો આંગણવાડીનુ તાળુ તુટેલુ હતુ અને આંગણવાડીનો બાટલો જોવામાં આવેલ ન હતો. બાટલાની ચોરી કોણે કરેલી તે તેમણે જાણવા મળેલ નહી. સદર સાહેદે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ પ્રશ્નનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, તેમને પોલીસના નિવેદનમાં કોણે ચોરી કરી તેનુ નામ, વય કે, ઓળખ લખાવેલ નથી. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આમ, સદર સાહેદની જુબાનીથી ચોરી કરનાર ઇસમની ઓળખ પરત્વે સ્પષ્ટ કડી પ્રસ્થાપિત થયેલ નથી.

(૮.૫) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૮ તરીકે આંક-૧૬ થી સાહેદ ઉજીબેન સાજણભાઈને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેમની આંગણવાડીમાં આશરે ચાર-પાંચ મહીના પહેલા ગેસના બાટલાની ચોરી થયેલી. આ ચોરી કોણે કરેલી તે તેમણે જાણવા મળેલ નહી. આ ચોરી કેવી રીતે થયેલી તે ખબર નથી. સદર સાહેદે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ પ્રશ્નનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, તેમને પોલીસના નિવેદનમાં કોણે ચોરી કરી તેનુ નામ, વય કે, ઓળખ લખાવેલ નથી. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આમ, સદર

સાહેદની જુબાનીથી ચોરી કરનાર ઈસમની ઓળખ પરત્વે સ્પષ્ટ કડી પ્રસ્થાપિત થયેલ નથી.

(૮.૬) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૯ તરીકે આંક–૧૭ થી સાહેદ હંસાબેન જીતેશભાઈને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૨૭/૦૭/૨૦૨૫ ના રોજ તેઓ તેમની તાલુકા પંચાયતની કચેરીએ હાજર હતા ત્યારે તેમને અંકીતાબેને વાત કરેલી કે, રાવલસર ગામની આંગણવાડીના દરવાજાનુ તાળુ તુટેલુ છે અને રસોઈ બનાવવા આપેલ ઈન્ડીયન કંપનીનો ગેસનો બાટલો ચોરી થયેલાનુ જણાય છે અને સાથે સાથે સરમત ગામના આંગણવાડીમાંથી પણ ગેસના બાટલાની ચોરી થયેલ છે. તેમને વાતો વાતોથી તથા પત્રકારના માધ્યમથી જાણવા મળેલ કે, તેઓની તથા અન્ય ગામોની આંગણવાડીમાંથી ગેસના બાટલાઓની ચોરી કરનારનુ નામ કાન્તીલાલ ડાયાલાલ નકુમ હોવાનુ જાણવા મળેલ હતુ. સદર સાહેદે આરોપી પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, બનાવની જાણ તેમને અંકીતાબેનના કહેવાથી થયેલી. આમ, સદર સાહેદ બનાવના પ્રત્યક્ષ સાક્ષી હોવાનુ જણાતુ નથી તથા સદર સાહેદે ચોરી કરનાર ઈસમનુ નામ પત્રકાર માધ્યમથી જાણેલ હોવાનુ કથન કરેલ છે.

(૮.૭) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧૦ તરીકે આંક–૧૮ થી સાહેદ મયુદીનભાઈ અલીભાઈ, સાહેદ નં.૧૧ તરીકે આંક–૧૯ થી સાહેદ અરજણભાઈ ધનાભાઈ, સાહેદ નં.૧૨ તરીકે આંક–૨૦ થી સાહેદ ધમેન્દ્રસિંહ નરૂભા, સાહેદ નં.૧૪ તરીકે આંક–૨૭ થી સાહેદ ભરતભાઈ નાનજીભાઈ તથા સાહેદ નં.૧૫ તરીકે આંક–૩૦ થી સાહેદ ચંદ્રેશકુમાર મોહનલાલને તપાસવામાં આવેલ છે. તમામ સાહેદો પોલીસ કર્મચારી છે. સદર તમામ સાહેદોની જુબાનીના કથનો એક જ સ્વરૂપના હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર તમામ સાહેદોની સરતપાસમાં કરવામાં આવેલ તમામ કથનો પુન: અહીં લખવામાં આવેલ નથી. સદર તમામ સાહેદોએ તેઓની પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને દરેક ગામે સી.એન.જી પેટ્રોલ પંપ નજીક

પાણીના ટાંકા પાસે આવેલ અવાવરુ ઓરડીમાં ચોરી કરેલ ગેસના બાટલા રાખેલ હોય સગેવગે થવાની પેરવી કરતા હોય હકીકત મળતા પંચોને બોલાવી તપાસ કરતા ઇસમ મળી આવતા તેનુ નામ પુછતા કાન્તીલાલ ડાયાલાલ નકુમ હોવાનુ જણાવેલ અને તેની પુછપરછ કરતા પોતે ગેસ બાટલાની અલગ અલગ જગ્યાએથી આંગણવાડીમાં ચોરી કરેલાની કબુલાત આપેલ. સદર તમામ સાહેદોની ઉલટ તપાસ લક્ષે લેતા સદર સાહેદોએ ઉલટ તપાસમાં એ પ્રશ્નનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, તેમના નિવેદનમાં પંચોના નામ લખાવેલ નથી.

(૮.૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧૩ તરીકે આંક–૨૫ થી તપાસ કરનાર અમલદાર નટવરભાઈ લાલજીભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓએ તપાસ સંભાળી લઇ રાવલસર તથા સરમત ગામે આવેલ બનાવવાળી જગ્યાનુ પંચનામુ બે પંચો રૂબરૂ કરેલુ ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સર સાહેદે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલોનો નકારમાં જવાબ આપેલ છે. આમ, સદર સાહેદ તપાસ કરનાર અમલદાર હોય તેઓએ તેમના હોદાની રૂએ જે કામગીરી કરી છે તેને અનુરૂપ જુબાની આપેલ હોવાનુ જણાય છે.

**<u>ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન</u> :–**

(૯) ન્યાયના સ્થાપિત સિધ્ધાંત મુજબ "પુરાવાનું મૂલ્યાંકન" શબ્દ પુરાવાના કાયદામાં વ્યાખ્યાબધ્ધ રીતે કરવામાં આવેલ નથી તેમજ કાનુન સમર્પિત કોઇ નિયમ પણ નથી. પુરાવાની મુલવણી કેવી રીતે કરવી તે દરેક કેસની હકીકત ઉપર આધારીત છે. પુરાવાની મુલવણી ધી ભારતીય સાક્ષ્ય અધિનીયમ, ૨૦૨૩ ની કલમ–૨(સી), ૨(આઇ), ૨(જે) માં કરવામાં આવેલ સાબિત અને ના–સાબિત વ્યાખ્યા ઉપર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો

કયારેય આરોપી ઉપર ખસેડી શકાય નહીં. ફોજદારી કાયદા મુજબ જે વ્યક્તિ ફરીયાદ કરે તેણે સાબિત કરવાની હોય છે. ગુન્હાઓ સાબીત કરવા ફરીયાદપક્ષે ધી ભારતીય સાક્ષ્ય અધિનીયમ ૨૦૨૩ ની કલમ–૧૦૪ તથા ૧૦૬ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી રહે છે. તે સંજોગોમાં આરોપીએ ફરીયાદમાં જણાવેલી હકીકત મુજબ અને જણાવેલ કાયદા મુજબનો ગુન્હો કરેલ છે તે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ધી ભારતીય સાક્ષ્ય અધિનીયમ ૨૦૨૩ માં એવું કોઈ પણ જગ્યાએ જણાવેલ નથી કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા અમુક સંખ્યામાં સાક્ષી રજુ કરવા પડે અને વધુમાં, ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં માત્ર શ્રેષ્ઠ પુરાવો રજુ કરવો જોઈએ અને તે પુરાવો હંમેશા સુસંગત હકીકત પુરતો હોવો જોઈએ. પુરાવા અધિનિયમનો એવો પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી સામેનો કોઈ પણ અપરાધ હંમેશા નિ:શંકપણે પુરવાર થવો જોઈએ અને તેમાં સહેજ પણ શંકા ઉદ્ભવે તો તેનો લાભ હંમેશા આરોપીને મળવાને પાત્ર છે.

(૯.૧) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Kacharji Hariji Versus State Of Gujarat ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 1967 (0) AIJEL-HC 215928 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે,

5. The interesting question that arises for determination in this appeal is whether from this evidence only it can be said that this appellant was in conscious possession of the stolen Articles and if so, the presumption can be raised against him in view of the illustration (a), given in Sec. 114 of the Indian Evidence Act, that he was a thief. It could without any hesitation, in my opinion, be said that the conviction of the appellant is based on circumstantial evidence. There is no direct evidence to prove the guilt of the appellant. It is a well-settled position of law that conviction can be based on circumstantial evidence, only if that evidence is incompatible with the innocence of the accused. In my opinion, it could also be said that this

evidence is the evidence of the conduct of the appellant which may be admissible evidence u/s. 8 of the Indian Evidence Act. It could be said that this evidence was admissible u/s. 27 of the Indian Evidence Act.

13. The question of raising a presumption u/s. 114, illustration (a), arises for consideration only after it is proved that the accused was in possession of stolen articles, after the commission of theft. Till his possession is not proved, no question of raising this presumption will arise for consideration. If the accused merely points out a place where the articles are hidden and produces those articles therefrom, there are several possibilities; one possibility is that he had that knowledge of the exact spot where the articles were hidden, as he himself was an author of concealment. The second possibility is that he may have gathered that information from a person who was the author of concealment. Another possibility that can be envisaged is that he may have actually seen a person concealing those articles. As stated by me earlier, his seeing a The of concealing those articles may not be objected to, by that thief, as" a thief might happen to be his friend or relation. In view of this matter, it cannot be necessarily deduced from these circumstances only that he must necessarily be a thief. His knowledge without he being a thief, from other sources referred to above, cannot be necessarily ruled out. In my opinion, therefore, from these circumstances of pointing out the place and producing the stolen articles from the place where the articles were hidden, it cannot be necessarily deduced that he must be a thief. It cannot be necessarily deduced that he must be an author of concealment. Other possibilities, referred to, by me earlier, cannot be necessarily ruled out. In my opinion, therefore, the observations made by the Patna High Court and the Madras High Court in the

decisions referred to above, if they are taken to be laying down a proposition that this should be a necessary deduction without there being any other evidence, they would be too general observations in my opinion as has been observed by Divatia J. in his judgment at page 297, referred to by me in the earlier part of the judgment.

(૯.૨) નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા Manoj Kumar Soni Versus State Of Madhya Pradesh with Kallu @ Habib Versus State Of Madhya Pradesh ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2023 (0) AIJEL-SC 72187 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, A presumption of fact under Section 114(a), Evidence Act must be drawn considering other evidence on record and without corroboration from other cogent evidence, it must not be drawn in isolation. The present case serves as a perfect example of why such a presumption should have been avoided by the Trial Court.

(૯.૩) નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા Kailash Gour Versus State Of Assam ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2011 (0) AIJEL-SC 50769 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં પેરા નં. ૩૯ તથા ૪૦ માં ઠરાવેલ છે કે,

39. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. V/s. State of M.P. (2004) 10 SCC 699 and

Ranjitsingh Brahmajeetsingh Sharma V/s. State of Mahsrashtra and Ors. (2005) 5 SCC 294.

40. To the same effect is the decision of this Court in Ganesan V/s. Rama SRaghuraman and Ors. (2011) 2 SCC 83 where this Court observed:

"Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

**(૧૦)** ફરીયાદી તથા સાહેદોની જુબાની લક્ષે લેતા ફરીયાદીની આંગણવાડી તથા સાહેદ મીનાબાની આંગણવાડીમાંથી એક–એક ગેસના બાટલાની ચોરી થયેલ હોવાનુ જણાય છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે ફ.સા.નં.૧, ફ.સા.નં.૬, ફ.સા.નં.૭, ફ.સા.નં.૮ નાઓની જુબાનીથી સદર ચોરીના કૃત્ય સાથે આ કામના આરોપીને સાંકળી શકાય તેવી કડી સ્પષ્ટપણે પ્રસ્થાપિત થયેલ નથી. ફ.સા.નં.૯ નાઓની સરતપાસ લક્ષે લેતા તેમને આરોપીનુ નામ પત્રકારના માધ્યમથી તથા વાતો વાતોથી જાણવા મળેલ હોવાનુ કથન કરેલ છે, જેથી ફ.સા.નં.૯ નાઓને બનાવની જાત માહીતી ન હોવાનુ જણાય છે તથા પત્રકાર માધ્યમથી જાણેલ વાતો પુરાવામાં નિ:શંકપણે સ્વીકારી શકાય નહી. રજુ થયેલ પુરાવા લક્ષે લેતા આ કામના આરોપી સામે પ્રત્યક્ષ/સીધો પુરાવો રેકોર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી. કેસના સંજોગો ધ્યાને લેતા તથા ટ્રાયલ દરમ્યાન નોંધવામાં આવેલ પુરાવાઓ જોતા એવુ સ્પષ્ટપણે જણાય છે કે, કેસ સાંયોગીક (Circumstantial evidence) પુરાવા પર આધારીત છે.

**(૧૦.૧)** આ કામના આરોપીને ફરીયાદ હકીકત અનુસારના ચોરીના કૃત્ય સાથે સાંકળી શકાય તે અંગે સૌથી મહત્વપુર્ણ પુરાવો આંક–૦૯ થી રજુ થયેલ રીકવરી પંચનામુ ગણી શકાય. આંક–૦૯ થી રજુ થયેલ પંચનામાંના પંચ સાહેદ રવી કેશુભાઇ તથા પંચ સાહેદ દીપક મનોજભાઇને તેઓની જુબાનીથી સદર પંચનામાંની વિગતને લેશમાત્ર સમર્થન ન આપી તેમની હાજરીમાં ચોરીનો મુદામાલ કોઇ ઇસમ પાસેથી કબજે કરવામાં આવેલ હોય કે આરોપીએ આંગણવાડીઓમાં

બાટલાની ચોરી કરેલાની કબુલાત કરેલ હોય તેવી પંચનામાંની વિગતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ફ.સા.નં.૧૦, ફ.સા.નં.૧૧, ફ.સા.નં.૧૨, ફ.સા.નં.૧૪, ફ.સા.નં.૧૫ નાઓ પોલીસ સાહેદ તરીકે જુબાની આપેલ છે. સદર સાહેદોએ તેઓની જુબાનીમાં તેઓને બાતમી મળતા પંચોને બોલાવી તપાસ કરતા આરોપી આંક–૦૯ ના પંચનામાંના વર્ણન કર્યા અનુસારના મુદામાલ સાથે મળી આવેલ હોવાનુ કથન થયેલ છે. હવે સદર પંચનામુ થયા બાદ સદર સાહેદોના નિવેદનો નોધ્યા હોય તેમ છતાં સદર સાહેદોએ તેમના નિવેદનમાં પંચોના નામ જણાવેલ ન હોય તે હકીકત નજર અંદાજ થઇ શકે તેમ નથી. આંક–૧૨ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાંના પંચ સાહેદ ઇકબાલભાઇ અબ્બાસભાઇ તથા પંચ સાહેદ મહેન્દ્રભાઇ મોતીચંદભાઇએ તેમની જુબાનીથી સદર પંચનામાંની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદ પક્ષ પર્યાપ્ત તટસ્થ પુરાવાના અભાવે આંક–૧૨ થી રજુ રીકવરી પંચનામાંની વિગતો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૦.૨) ફ.સા.નં.૧૦, ફ.સા.નં.૧૧, ફ.સા.નં.૧૨, ફ.સા.નં.૧૪, ફ.સા.નં.૧૫ નાઓએએ આરોપીની પુછપરછ કરતા પોતે ગેસના બાટલાઓની અલગ અલગ આંગણવાડીમાં ચોરી કરેલ હોવાનુ કબુલાત આપતા હોવાનુ કથન કરેલ છે. પુરાવાના પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષે લેતા આરોપીએ પોલીસ અમલદાર સમક્ષ કે પોલીસ રૂબરૂમાં કે પોલીસની હાજરીમાં સ્વઆક્ષેપાત્મક સ્વરૂપના કબુલાતના કથનો કરેલ હોય તો સદર કબુલાતના કથનો પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી. ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર આંક–૦૯ થી રજુ રીકવરી પંચનામાંના પંચ સાહેદોના મૌખીક પુરાવાથી ચોરી થયેલ ગેસની બોટલો આ કામના આરોપી પાસેથી પંચનામાંની વિગતે રીકવર થયેલ હોવાની વિગતોને સમર્થન મળેલ નથી કે, પંચોની રૂબરૂ આરોપીએ કબુલાત કરેલ હોવાની વિગતને સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદ પક્ષ પર્યાપ્ત પુરાવાના અભાવે આંક–૦૯ થી રજુ રીકવરી પંચનામાંની વિગત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં ચોરીમાં ગયેલ ગેસની બોટલો આરોપી પાસેથી રીકવર થયેલ હોવાનુ પુરવાર

થયેલ ન હોય તેથી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૧૯ તથા ૧૧૯(એ) અન્વયેનુ અનુમાન આરોપીની વિરુધ્ધમાં કરી શકાય નહી.

(૧૦.૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા State Of Gujarat Versus Dhramraj Bhanushankar Dave ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2007 (0) AIJEL-HC 220960 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદાના પેરા નં. ૧૩ ઠરાવેલ છે કે, So far as the panchnamas produced by the prosecution about demonstration of the crime is concerned, the same are hit by Section 25 of the Evidence Act. The prosecution has relied upon the panchnamas, by which the accused gave information to show the places of scene of offence and then to demonstrate how they committed the crime. Though panchas of these panchnamas have turned hostile, but even if taking into consideration the evidence of Investigating Agency, these panchnamas are not admissible in evidence, as this is the confession of the accused before the Police Officer. આમ, સદર કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત લક્ષે લેતા પોલીસ અમલદાર હાજર હોય તે દરમ્યાન આરોપી ધ્વારા કબુલાત સ્વરૂપના કથનો કરેલ હોય અને તે પંચનામા સ્વરૂપે લખેલ હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી. વિવિધ કેસ ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષે લેતા પંચનામુ સીધો તથા મુળ પુરાવો ગણી શકાય નહી. પંચનામાનો ઉપયોગ સમર્થન આપતા પુરાવાના એક આધાર તરીકે થઇ શકે છે. પંચનામુ સાંયોગિક પુરાવાઓની કડીનો એક ભાગ કહી શકાય પરંતુ અન્ય કોઇ પણ મહત્વપુર્ણ પુરાવાના અભાવે ફકત પંચનામા પર સંપુર્ણ આધાર રાખી શકાય નહી.

(૧૦.૪) તપાસમાં સીસી ટીવીની કોઇ ફુટેજ મેળવેલ હોય તેવુ જણાયેલ નથી કે આવા કોઇ સીસી ટીવી ફુટેજ કોર્ટમાં રજુ થયેલ નથી. તપાસ કરનાર અમલદારની જુબાની લક્ષે લેતા આરોપીના ફિંગર પ્રિન્ટ લઇ તથા સ્થળ પર મળી આવેલ ફિંગર પ્રિન્ટ પરત્વે કોઇ પરીક્ષણ કરાવેલ હોય તેવી હકીકત રેકોર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી. આરોપીના મોબાઇલ

લોકેશન કે આરોપીના મોબાઈલની કોલ્સ ડીટેઈલ્સ હાલના કામે રજુ થયેલ નથી. આમ, આ કામના આરોપીને ફરીયાદ હકીકત અનુસારના ચોરીના બનાવ સાથે સાંકળી શકાય તેવો પર્યાપ્ત વૈજ્ઞાનિક/ફોરેન્સીક પુરાવો રેકોર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી.

**(૧૧)** આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ પુરાવા ધ્યાને લેતા આ કામના આરોપીએ ફરીયાદ હકીકતના અનુસારના ગુના સાથે સાંકળી શકાય તેવી સાંકળની કડી જેમ ચેઈન પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષ ફરીયાદ તથા વિશ્વસનીય અને સ્વંતત્ર પુરાવાના અભાવે આ કામના આરોપી સામે આક્ષેપવામાં આવેલ ફરીયાદ હકીકત અનુસારના ચોરીનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામના આરોપી પાસેથી જે મુદ્દામાલ પાવતીમાં વર્ણન કર્યા અનુસારનો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ હોય તે હકીકત ફરીયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ભારતીય સાક્ષ્ય અધિનીયમ, ૨૦૨૩ ની કલમ ૧૧૯(એ) માં થયેલ અનુમાનો આરોપીની વિરૂધ્ધમાં હાલના કેસમાં થઇ શકે તેમ નથી. આમ, ફરીયાદપક્ષ પર્યાપ્ત તથા વિશ્વસનીય પુરાવાના અભાવે આ કામના આરોપી દ્રારા ફરીયાદ હકીકતમાં વર્ણન કર્યા મુજબની ચોરીનુ કૃત્ય આચરેલ હોવાની હકીકત શંકા રહીત રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૧૨)** મુદામાલ પાવતી લક્ષે લેતા હાલના ગુનાના કામે બે ઈન્ડીયન ગેસની બોટલો કબજે થયેલાનુ જણાય છે. આંક–૩૫ થી રજુ પુરશીસ લક્ષે લેતા આરોપીએ સદર મુદામાલ કલેઇમ કરતા ન હોવાનુ જાહેર કરેલ છે. ફરીયાદ અનુસાર રાવલસર ગામની આંગણવાડી કેન્દ્ર–૧૧૦ તથા સરમત ગામના આંગણવાડી કેન્દ્ર–૧૫૫ માં ચોરી થયેલ હોવાનુ જણાય છે. આજદીન સુધી સદર મુદામાલ ગેસની બોટલો પરત્વે કોઇ કલેઇમ આ કોર્ટ સમક્ષ કોઇ પણ ઇસમ દ્રારા કરવામાં આવેલ નથી. જેથી સદર એક – એક ગેસની બોટલ રાવલસર ગામની આંગણવાડી કેન્દ્ર–૧૧૦ ના અધિકૃત વ્યકિતને તથા સરમત ગામના આંગણવાડી કેન્દ્ર–૧૧૫ ના અધિકૃત વ્યકિતને પરત સોપી આપવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

(૧૩) આમ, ઉપરોક્ત ચર્ચા તે તમામ હકીકત તથા પુરાવા લક્ષે લેતા તથા કાયદાની જોગવાઈઓ અને કાયદાના પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો લક્ષે લેતા ફરીયાદ પક્ષ તટસ્થ, શંકારહિત અને ભરોસાપાત્ર પુરાવાના અભાવે આ કામના આરોપી સામે આક્ષેપવામાં આવેલ તહોમત શંકારહિત રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપી **મુદા નં. (૧)** પરત્વે **નકારમાં** નિર્ણય આપી **મુદા નં. (૨)** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે આ કામના આરોપી કાન્તીલાલ સ/ઓ ડાયાલાલ ધનજીભાઈ નકુમ, રહે. શકિતનગર, નવી પોલીસ લાઇનની બાજુમાં, જામ ખંભાળીયા,જી.જામનગરનાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૫(એ), ૩૩૧(૩) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૪૮૧ અન્વયે અપીલના હેતુ માટે આ કામના આરોપી દ્વારા તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટમા રજુ કરેલ જામીન તથા જાતમુચરકા આ હુકમની તારીખથી ૬ માસ સુધી ચાલુ રાખવાનો આદેશ કરવામાં આવે છે.

(૩) ઉપરોકત પેરા નં.(૧૨) માં ચર્ચા કર્યા અનુસાર હાલના કામે કબજે થયેલ ગેસની બોટલો પૈકી એક ગેસની બોટલ રાવલસર ગામના આંગણવાડી કેન્દ્ર નં.૧૧૦ ના અધિકૃત અધિકારી દ્વારા ઓળખના પુરાવા રજુ કર્યેથી સિકકા પોલીસ સ્ટેશનના પી.આઇ.શ્રી દ્વારા દસ્તાવેજોની ખરાઇ કરી એક ગેસની બોટલ આંગણવાડીના ઉપયોગના હેતુ માટે રાવલસર ગામના આંગણવાડી કેન્દ્ર નં.૧૧૦ ના અધિકૃત અધિકારીને સોંપી આપવી. સરમત ગામના આંગણવાડી કેન્દ્ર નં.૧૧૫ ના અધિકૃત અધિકારી દ્વારા ઓળખના પુરાવા રજુ કર્યેથી સિકકા પોલીસ સ્ટેશનના પી.આઇ.શ્રી દ્વારા સદર દસ્તાવેજોની ખરાઇ કરી એક

ગેસની બોટલ આંગણવાડીના ઉપયોગના હેતુ માટે સરમત ગામના આંગણવાડી કેન્દ્ર નં.૧૧૫ ના અધિકૃત અધિકારીને સોંપી આપવાનો આદેશ કરવામાં આવે છે.

(૪) આ હુકમની યાદી સિકકા પોલીસ સ્ટેશનના પી.આઇ.શ્રીને જરૂરી કાર્યવાહી માટે કરવી.

આ હુકમ આજરોજ તા.૪ થી મે, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૪/૦૫/૨૦૨૬ (ભદ્રેશ હસમુખલાલ ગાંધી)
જામનગર. ૩ જા અધીક ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, જામનગર
કોડ નં. જીજે.૦૦૯૫૭